# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી – રાજકોટ

જૂનો વઢવાણનો ઉતારો, કસ્તુરબા માર્ગ, રાજકોટ.

Email : rajkotdeo@gmail.com

ફોન નં : (૦૨૮૧) ૨૨૨૩૪૫૩

ક્રમાંક/પરીક્ષા/ગ-3/૨૦૨૦/૬૪૨૯--૬૪૫૬ તા. ૨૯/૧૦/૨૦૨૦

**પરીપત્ર**

ઈ-મેઈલ દ્વારા

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ માધ્યમિક અને ઉચ્ચત્તર
માધ્યમિક શાળાઓ,
રાજકોટ જિલ્લો.

**વિષય :- એસ.એસ.સી પરીક્ષાના પ્રમાણપત્રમાં/ગુણપત્રકમાં અટક/નામ/પિતાના નામ તથા જન્મતારીખમાં સુધારો કરવા બાબત.**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ધોરણ-10 ના ગુણપત્રક/પ્રમાણપત્રમાં નામ, અટક/પિતાનું નામ, જન્મ તારીખ કે અન્ય કોઈ સુધારો મુદ્દત બહાર એટલે કે, પરિણામ જાહેર થયાના 3 માસ પછી હોય તો જ, **પરિશિષ્ટ-4 બ** પર જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના **પ્રતિ હસ્તાક્ષર (Counter Sign)** કરવા માટે, અત્રેની કચેરીની **પરીક્ષા (ગ-3) શાખામાં ૨ (બે) અસલ નકલમાં** નીચે મુજબના આધારો સાથે **શાળા દ્વારા રૂબરૂ** અરજી કરવાની રહેશે.:-

1. **શાળાનો ફોરવર્ડીંગ લેટર**
2. **પરિશિષ્ટ-4**
3. **પરિશિષ્ટ-4 અ**
4. **પરિશિષ્ટ-4 બ**
5. **ધોરણ 10 ની એલ.સી.ની પ્રમાણિત નકલ**
6. **ધોરણ-10 ના ગુણપત્રક અને પ્રમાણપત્રની પ્રમાણિત નકલ**
   **(જો એક કરતા વધુ તકોમાં પરીક્ષા પાસ કરેલ હોય તો તે તમામ ગુણપત્રકની પ્રમાણિત નકલ)**
7. **જી.આર.ના આખા પેઈજની પ્રમાણિત કરેલ સુવાચ્ય નકલ**
   **(જી.આર. અને એલ.સી.માં સુધારો હોય તો જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની મંજૂરીપત્રની નકલ અચૂક રજુ કરવાની રહેશે. તે સિવાય સુધારો થઈ શકશે નહીં.)**

**ખાસ નોંધ :-**

- જે પ્રકારનો સુધારો કરવાનો હોય તે **અંગ્રેજીમાં** સ્પષ્ટ રીતે નિર્દેશ કરવો.
- જી.આર. ના ઉતારાવાળું પરિશિષ્ટ-૪ બ ની તમામ વિગતો ફકત **અંગ્રેજીમાં** જ ભરવી.
- જરૂર જણાયેથી અસલ જી.આર. પણ રજૂ કરવાનો રહેશે.
- અસલ જી.આર. ના દરેક પાના પર શાળાનું નામ, શૈક્ષણિક વર્ષ, પાના નંબર તથા શાળાનો રાઉન્ડ સ્ટેમ્પ ફરજિયાત મારેલો હોવો જોઈએ.
- સોગંદનામા કે ગેઝેટના આધારે સુધારો કરવામાં આવતો નથી. જેથી આવા કેસ સુધારા માટે રૂબરૂ કે ટપાલ દ્વારા આવેલ દરખાસ્તમાં સુધારો કરવામાં આવતો નથી. આવી દરખાસ્ત દફતરે કરવામાં આવે છે.

❖ પ્રતિ હસ્તાક્ષર (Counter Sign) મેળવ્યા બાદ ગુ. મા. અને ઉ. મા. શિ. બોર્ડ, ગાંધીનગર ખાતે દરખાસ્ત મોકલતી વખતે નીચે મુજબની સુચનાઓ ધ્યાને લેવી :

પરિશિષ્ટ–4 બ પર જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના પ્રતિ હસ્તાક્ષર (Counter Sign) મેળવ્યા બાદ નીચે મુજબના આધારો સાથેની દરખાસ્ત **પરીક્ષા સચિવશ્રી(માધ્યમિક), ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડ, સેકટર નંબર– ૧૦/બી, જૂના સચિવાલય , ગાંધીનગર** ખાતે મોકલી આપવાની રહેશે.

1. શાળાનો ફોરવર્ડીંગ લેટર
2. પરિશિષ્ટ–4
3. પરિશિષ્ટ–4 અ
4. પરિશિષ્ટ–4 બ (જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના પ્રતિ હસ્તાક્ષર સાથેનું)
5. ધોરણ 10 ની એલ.સી.ની પ્રમાણિત નકલ
6. ધોરણ–10 ના અસલ ગુણપત્રક અને અસલ પ્રમાણપત્ર
   (જો એક કરતા વધુ તકોમાં પરીક્ષા પાસ કરેલ હોય તો તે તમામ ગુણપત્રક જોડવા.)
7. જી.આર.ના આખા પેઇજની પ્રમાણિત કરેલ સુવાચ્ય નકલ
   (જી.આર. અને એલ.સી.માં સુધારો હોય તો જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની મંજૂરીપત્રની નકલ અચૂક રજુ કરવાની રહેશે. તે સિવાય સુધારો થઈ શકશે નહીં.)
8. સુધારેલા રેગ્યુલેશન ૨૦૦૫ ના રેગ્યુલેશન ૪૭ (૩) મુજબ જરૂરી લાગત ફી.

**ખાસ નોંધ :–**

➢ સુધારેલા રેગ્યુલેશન ૨૦૦૫ ના રેગ્યુલેશન ૪૭ (૩) મુજબ જરૂરી લાગત ફી : મુદત બહારના રૂ.૫૦/– તથા શાળાની ભૂલના રૂ. ૧૦૦/– મળી રૂ. ૧૫૦/–* સુધારા ફી અને સુધારાવાળી ડુપ્લીકેટ ગુણપત્રકના રૂ. ૫૦/–* તથા ડુપ્લીકેટ પ્રમાણપત્રના રૂ. ૫૦/–* અને પોસ્ટલ ચાર્જ રૂ.૩૦/–* એમ કુલ રૂ. ૨૮૦/–* નો **"સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર"** ના નામજોગ ડિમાન્ટ ડ્રાફ્ટ દરખાસ્ત સાથે મોકલવાનો રહેશે અથવા બોર્ડની કચેરી ખાતે રૂબરૂ રોકડેથી બોર્ડમાં ભરી શકાશે.
(*નોંધ:– ઉક્ત ફી ની માહિતી ફક્ત જાણકારી માટે આપેલ છે. જરૂરી લાગત ફી બોર્ડના પ્રવર્તમાન નિયમોનુસાર ભરવાની રહેશે.)

---

❖ બોર્ડ દ્વારા પરિણામ જાહેર થયાથી **ત્રણ મહિના સુધીના સમયગાળામાં**, ગુણપત્રક/પ્રમાણપત્રમાં સુધારા માટેની અરજી કોઇ પણ ચાર્જ લીધા વગર નામ, અટક, જન્મ તારીખના સુધારા કરવામાં આવે છે તથા પરિશિષ્ટ–4 બ ભરવાનું રહેતું નથી. આવી દરખાસ્તો નીચે મુજબના આધારો સાથે **પરીક્ષા સચિવશ્રી (માધ્યમિક), ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડ, સેકટર નંબર– ૧૦/બી, જૂના સચિવાલય , ગાંધીનગર** ખાતે મોકલી આપવાની રહેશે.

1. શાળાનો ફોરવર્ડીંગ લેટર
2. પરિશિષ્ટ–4
3. પરિશિષ્ટ–4 અ
4. ધોરણ 10 ની એલ.સી.ની પ્રમાણિત નકલ
5. ધોરણ–10 ના અસલ ગુણપત્રક અને અસલ પ્રમાણપત્ર
   (જો એક કરતા વધુ તકોમાં પરીક્ષા પાસ કરેલ હોય તો તે તમામ ગુણપત્રક જોડવા.)
6. જી.આર.ના આખા પેઇજની પ્રમાણિત કરેલ સુવાચ્ય નકલ
   (જી.આર. અને એલ.સી.માં સુધારો હોય તો જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની મંજૂરીપત્રની નકલ અચૂક રજુ કરવાની રહેશે. તે સિવાય સુધારો થઈ શકશે નહીં.)

જિલ્લા શિક્ષણાધિકારી
રાજકોટ

બિડાણ:–

- પરિશિષ્ટ–4, પરિશિષ્ટ–4 અ, પરિશિષ્ટ–4 બ નિયત નમુનાનું અરજીપત્રક

નકલ જાણ તેમજ અમલવારી કરાવવા સારૂ:–

- સંયોજકશ્રી, શાળા વિકાસ સંકુલ, તમામ, રાજકોટ જિલ્લો.
- બીટ ઇ.આઇ./એ.ઇ.આઇ., તમામ, આ કચેરી.

નકલ સવિનય જાણ સારૂ રવાના :–

- પરીક્ષા સચિવશ્રી(માધ્યમિક), ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડ, સેકટર નંબર–૧૦/બી, જૂના સચિવાલય , ગાંધીનગર

## પરિશિષ્ટ-4

## નવી એસ.એસ.સી. પરીક્ષાના પ્રમાણપત્રમાં/ગુણપત્રકમાં અટક / નામ / પિતાના નામ તથા / જન્મતારીખમાં સુધારો કરવાની અરજીનો નમૂનો

પ્રતિ,
પરીક્ષા સચિવ,
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
પરીક્ષા વિભાગ,
ગાંધીનગર

શાળા ક્રમાંક : | | | | | |

**વિષય : માર્ચ/ઑક્ટોબર/જુલાઈ 20.........ની પરીક્ષામાં મારા પ્રમાણપત્રમાં / ગુણપત્રકમાં અટક / નામ / પિતાના નામ તથા/જન્મતારીખમાં સુધારો કરવા બાબત.**

મહોદય,

જયભારત સાથે જણાવવાનું કે, હું માર્ચ/ઑક્ટોબર-જુલાઈ ............. ની પરીક્ષામાં બેઠક નંબર ................. થી આપેલ તેના પ્રમાણપત્રમાં/ગુણપત્રકમાં અટક/નામ/પિતાના નામ તથા/જન્મ તારીખમાં સુધારો કરવા અરજી કરું છું. મારું અસલ પ્રમાણપત્ર આ સાથે મોકલું છું.

(1) ઉમેદવારનું નામ : (અંગ્રેજીમાં ભરવું) : ..........................................................................

(2) ઉમેદવારનું સરનામું : : ..........................................................................
: ..........................................................................
: ..........................................................................
: ..........................................................................

(3) પ્રમાણપત્રમાં સુધારો કરવાની જરૂરી વિગત (અંગ્રેજી કેપિટલ અક્ષરમાં ભરવી)

અટક/નામ/પિતાના નામ તથા/જન્મતારીખ/વિષયમાં ................................................ ના બદલે

............................ (X) જેમાં સુધારો હોય તે વિગત અંગ્રેજીમાં બતાવવી. લાગુ પડતું ન હોય તે છેંકી નાખવું.

(4) ઉમેદવારનું સુધારો કરવાનું નામ : ..........................................................................

(5) રેગ્યુલેશન-47(3) મુજબ જરૂરી લાગતી ફી રૂ.50/- (નવા સુધારા મુજબની વિગત

(અ) લાગત ફી ડિમાન્ડ ડ્રાફ્ટ કે મની ઓર્ડરથી મોકલી હોય તો

ડી.ડી./મ.ઓ. નંબર : ...................................... તારીખ : .......................

બેંકનું નામ/પો.ઓ.નું નામ : .................................. શાખા : ........................

(બ) રોકડેથી બોર્ડમાં લાગત ફી ભરી હોય તો

રોકડ રસીદ નંબર : .......................................... તારીખ : .......................

.........................................
**ઉમેદવારની સહી**

**સવિનયર રવાના :**

આચાર્યશ્રી ........................................................................................ હાઈસ્કૂલ મારફતે

જાવક નંબર : ..............................

તારીખ : ..............................

સવિનય રવાના :

મેં. પરીક્ષા સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, પરીક્ષા વિભાગ, વડોદરા તરફ.

સદર હું ઉમેદવારનું નામ/અટક/પિતાનું નામ/જન્મતારીખ અને વિષયમાં સુધારો કરવા અંગે આ સાથે જરૂરી વિગતો અને પત્રકો સામેલ રાખી મોકલું છું.

જેમાં ........................................ ના બદલે ................................................ નો સુધારો કરવાનો છે. જે અમારી શાળાના ધો.10 ના જી.આર. મુજબ બરાબર છે. જેથી આ સુધારો કરવા ભલામણ છે. કરવામાં આવે છે.

શાળાનો ઈન્ડેક્ષ નંબર : ....................................

**શાળાના આચાર્યનો સહી**
**અને સિક્કો**

## નોંધ :

(1) પ્રમાણપત્રમાં સુધારા માટેની અરજી પ્રમાણપત્ર મળ્યેથી ત્રણ મહિનાની મુદતની અંદર કરવામાં આવે તો કોલમ નં. 4(અ), (બ)માં વિગતો ભરવી નહીં.

(2) જે પ્રકારનો સુધારો કરવાનો હોય તે અંગ્રેજીમાં સ્પષ્ટ રીતે નિર્દેશ કરવો.

(3) જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કાઉન્ટર સાઈન સાથેનું જી.આર.ના ઉતારાવાળું પત્રક ફક્ત અંગ્રેજીમાં જ ભરવું.

(4) અરજી સાથે નીચેના બિડાણ મોકલવા જરૂરી છે.

1. **ઉમેદવારનું અસલ પ્રમાણપત્ર**
2. અરજીનો નમૂનો તથા જાહેરનામું
3. પ્રમાણિત કરેલી એલ.સી.ની ઝેરોક્ષ નકલ
4. ઉમેદવારના ધો.10ના જનરલ રજિસ્ટર પરથી ઉતારો કરી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કાઉન્ટર સાઈન સાથેનું પત્રક (પરિશિષ્ટ-8)
5. રેગ્યુલેશન-47(3) મુજબ જરૂર લાગત ફી રૂ.50/- (નવા સુધારા પ્રમાણે) (ખાસ નોંધ નં. 3 વંચાણે લેવી.)
6. ધો. 10 ના જનરલ રજિસ્ટરની પ્રમાણિત કરેલી ઝેરોક્ષ નકલ.
7. શાળાના ધો.10 ના જનરલ રજિસ્ટરમાં પાછળથી સુધારો કરેલ હોય તો સુધારો કરવા અંગે પુરાવા સાથે સ્પષ્ટતા કરવી અને સમય મર્યાદામાં સુધારો કરવા અંગે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની મંજૂરી મેળવી હોય તો મંજૂરીપત્રની ઝેરોક્ષ પ્રમાણિત નકલ અવશ્ય મોકલવી. શાળાના જનરલ રજિસ્ટરમાં પાછળથી સુધારો કરેલ હોય તો જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની મંજૂરી મેળવવી આવશ્યક છે.
8. સોગંદનામું કે ગેઝેટના આધારે કરવામાં આવતો ન હોઈ આવા કેઈસ સુધારા માટે મોકલવા નહીં.

## પરિશિષ્ટ- 4 - અ

## પ્રમાણપત્રમાં અટક/નામ/જન્મતારીખ/પિતાના નામમાં સુધારો કરવા માટે શાળાના વડાએ ભરી મોકલવાનું જાહેરનામું

શાળા ક્રમાંક : | | | | | |

આથી હું નામે ........................................................................................................ ના વડા તરીકે જાહેર કરું છું અને નીચે પ્રમાણે નિવેદન કરું છું કે,

(1) હું .......................................................................................... હાઈસ્કૂલના વડા તરીકે સદર

શાળામાં માહે : ....................... 20 ................ થી કામ કરું છું.

(2) મેં શાળાનું ઉમેદવારનું જનરલ રજિસ્ટર જેમાં ધોરણ-8 થી 10 ના પ્રવેશ વખતે નામ નોંધાયેલ છે તેમાં અનુક્રમ નંબર .................... ઉપર ઉમેદવાર કુમાર/કુમારી .................................................. ની નોંધ નીચે પ્રમાણે છે.

(અ) તેમના સુધારાની વિગત (અંગ્રેજીમાં) : ..........................................................

શાળાના ધો. 10 સુધીના જનરલ રજિસ્ટરમાં છે.

(બ) તેમની જન્મતારીખ આંકડામાં અંગ્રેજીમાં ............................... છે.

(3) આથી પ્રમાણિત કરું છું કે, જનરલ રજિસ્ટરમાં કરેલી નોંધ એમની નોંધ અનઅધિકૃત રીતે ફેરફાર કરેલ નથી.

(4) માહે માર્ચ/ઓક્ટોબર/જુલાઈ ............... એસ.એસ.સી. પરીક્ષામાં ઉમેદવાર મજકૂર બેઠક નંબર ..................

કેન્દ્ર ....................... થી પરીક્ષા આપેલ છે. જેમાં ...................... થયેલ છે.

(5) પરીક્ષાના પ્રમાણપત્રો તા. ..................... ના રોજ શાળાને મળ્યાં હતાં.

(X જે પ્રકારનો સુધારો કરવાનો હોય તે અંગ્રેજીમાં સ્પષ્ટ રીતે નિર્દેશ કરવો.)

**શાળાના વડાની સહી, સિક્કો**
**અને તારીખ**

શાળાનું નામ : ..............................................

પૂરું સરનામું : ..............................................

..............................................

..............................................

## પરિશિષ્ટ- 4 - બ
## (માર્ગદર્શિકા પુસ્તિકા માર્ચ-2007 ના પાના નંબર-51 પછી 51-અ)
## Annexure - 4-B

| G.R. No. | Name in Full | Cast With Sub + Cast | Place of Birth | Date of Birth | Last School Attended | Date of Admission | Standard Class Admitted |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |
| Exam Seat No. ____________ | | Progress | Conduct | Date of | Std. from | D.C. No. | |
| Year & Month of Passing : ____________ | | | | | | | |

I certify that I have verified the Surname, Father's name and Birh date from School General Register.

Date : ____________

Signature of the Principal
with Rubber Stamp

Signature of the District
Education officer,
____________ Dist.

Date : ____________